દાખલ તારીખઃ– ૧૫/૧૦/૨૦૨૨

રજીસ્ટર તારીખઃ–૧૫/૧૦/૨૦૨૨

ફેસલ તારીખઃ– ૦૫/૦૫/૨૦૨૫

સમયગાળોઃ– વ. મા. દિ.

૨ ૦૬ ૨૧

# મહે.પ્રિ.સીવીલ જજ સાહેબની કોર્ટમા, મુ.કોટડાસાંગાણી.

**સમરી મુકદમા નં. ૦૧/૨૦૨૨**
**આંક–૩૫**

**નોબલ એન્ટરપ્રાઈઝ ભાગીદારી પેઢીના ભાગીદાર**
**તથા અન્ય ભાગીદારના કુલમુખત્યાર દરજજે,**
**શ્રી મનોજભાઈ વલ્લભદાસ શેરઠીયા**
(GST NO.24AAEFN2627E1Z0)
ધર્મે–હિન્દુ, ઉ.વ.પુખ્ત, ધંધો–વેપાર,
ઓફીસ એડ્રેસ ગોડાઉન નંબર–૨, પ્લોટ નં.૧/૧,
ઉર્જા ઈન્ડસ્ટ્રીયલ પાર્ક, ભારત ઓરણીવાળી શેરી,
ધરતી ગેટ પાસે,શાપર(વે.),તા.કોટડાસાંગાણી, જી.રાજકોટ. **........ વાદી**

**–:: વિરુધ્ધ ::–**

1. **PRIME MICROTECH partnership firm (GST NO.24AAUFP2597B1ZV)**
2. **PRIME MICROTECH partnership firm ના પાર્ટનરશ્રી હસમુખ પટેલ મો.નં.૯૮૨૫૯ ૯૮૧૭૭**
3. **PRIME MICROTECH partnership firm ના અન્ય જવાબદાર પાર્ટનર્સ**
   **ધર્મે–હિન્દુ, ઉ.વ.પુખ્ત, ધંધો–વેપાર,**
   **રહે.બધા સર્વે નં.૨૮૭, AT-TAKHATGADH**
   **તા.પ્રાંતીજ, જી.બનાસકાંઠા, પીન–૩૮૩૨૧૦** **........ પ્રતિવાદી**

**વાદી તરફે :– વિ.વકીલશ્રી એન.વી.સાકરીયા.**
**પ્રતિવાદી :–તરફે એકતરફી**

---

***સમરી દાવો રૂ. ૯,૯૭,૦૦૦/– ના આંકથી***

---

## –: ઠ રા વ :–

(૧) વાદીના દાવાની ટુંકમા હકીકત એવી છે કે, વાદી શાપર(વે.) રાજકોટ મુકામે રહે છે અને જી.આઈ.ડી.સી.માં નોબલ એન્ટરપ્રાઈઝ ભાગીદારી પેઢીના ભાગીદાર છે અને

અન્ય ભાગીદારના કુલમુખત્યાર દરજજે તમામ વહીવટ, વહેવાર સંભાળ્યો છે. અને ફાઉન્ડ્રી રો–મટીરીયલ્સના ટ્રેડીંગનું કામ કાજ કરે છે તેમજ સદરહું કેસ દાખલ કરવા માટે તેઓને ઓથોરીટી આપેલ છે જે આ સાથે રજુ રાખેલ છે.આ કામના પ્રતિવાદીઓ ઉપરોકત નામ સરનામે ધંધો કરે છે. અને વાદી પાસેથી પ્રતિવાદીઓ પોતાની જરૂરીયાત મુજબ ફાઉન્ડ્રીને લગતુ રો–મટીરીયલ અવાર નવાર વાદી પાસે ખાતુ ખોલાવેલ અને બાકીમાં માલ–સામાન મંગાવતા હતા. પ્રતિવાદીઓની ડીમાન્ડ મુજબ વાદીએ જી.એસ.ટી.વાળા પાકા બીલ નં.GT/659 તા.૧૮/૦૨/૨૦૨૧ થી બીલમાં બતાવ્યા મુજબનું કુલ રૂા.૧૧,૯૭,૦૦૦/– અંકે રૂપિયા અગીયાર લાખ સતાણુ હજાર પુરાનો માલ ઉધારીમાં લઈ ગયેલ છે. તે માંહેથી પ્રતિવાદીએ વાદીને રૂા.૨,૦૦,૦૦૦/– NEFT તા.૧૮/૦૮/૨૦૨૧ થી જમા કરાવેલ છે. પરંતુ બાકી રહેતી કાયદેસરની લેણી રકમ રૂા.૯,૯૭,૦૦૦/– ચુકવી આપેલ નથી. જેનું અસલ બીલ પ્રતિવાદીને આપવામાં આવેલ છે. આ કામના પ્રતિવાદીના ખાતે રૂા.૯,૯૭,૦૦૦/– વાદીના  લેણા નીકળે છે અને તેના પર થતું વ્યાજ રૂા.૧,૫૯,૫૨૦/– કુલ સોળ માસના ૧૨% પ્રતિ વર્ષ લેખે પણ ચુકવી આપેલ નથી. પ્રતિવાદી સાથે ફોનમાં અવાર નવાર લેણી રકમ અંગે વાત–ચીત કરતા ખોટા વચનો અને વાયદાઓ આપે છે. જેથી વાદીએ આ કામના પ્રતિવાદીઓને તેઓના એડવોકેટ મારફત તા.૨૯/૦૭/૨૨ થી લીગલ નોટીસ મોકલેલ છે. જે નોટીસ પ્રતિવાદીઓને તા.૦૧/૦૮/૨૦૨૨ થી કાયદા મુજબ મળી ગયેલ છે. તેમ છતાં આજદીન સુધી પ્રતિવાદીઓએ વાદીની લેણી રકમ ચુકવી આપેલ નથી. જેથી આ દાવો દાખલ કરવાની વાદીને ફરજ પડેલ છે. આ દાવાનું કારણ પ્રતિવાદીએ વાદીને ત્યાંથી ઉધારમાં માલ મંગાવેલ ત્યારથી તથા છેલ્લે અમોને રૂપિયા ચુકવેલ તા.૧૮/૦૮/૨૦૨૧ ત્યારથી કારણ ઉત્પન્ન થયેલ છે. સદરહું લેણી રકમનો દાવો સમયમર્યાદામાં છે તેથી લીમીટેશનનો કોઈ બાધ નડતો નથી.

જેથી સબબ દાવો લાવી દાદ માંગેલ છે કે, દાવા અરજી પારા નં.૪ માં જણાવેલ રકમ રૂા.૯,૯૭,૦૦૦/– અંકે રૂપિયા નવ લાખ સતાણું હજાર પુરા પ્રતિવાદીઓની હરેક સ્થાવર–જંગમ મીલ્કત તથા જાતથી વસુલ થાય તેવું વાદીના લાભમાં હુકમનામું કરી આપવા અરજ કરેલ છે તેમજ આ દાવાનો ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી અપાવવા તથા નોટીસની તારીખથી દર વર્ષે, દર સેકન્ડે વાર્ષિક વ્યાજ ૧૨% લેખે લેણી રકમ પર ચડયે ચડયુ વ્યાજ અપાવવા હુકમ ફરમાવવા

અરજ કરેલ છે. આ દાવા અંગે કોઈ વીશેષ દાદો અપાવી શકાય તો તે પણ અપાવવા નમ્ર અરજ કરેલ છે.

(૨) આમ ઉપરોકત વાદીએ દાવો તા.૧૫/૧૦/૨૦૨૨ ના રોજ કોટડાસાંગાણીના મે. પ્રિ.સીવીલ જજ સાહેબની કોર્ટમાં દાખલ કરેલ જેમા દાવા અરજી હેઠળ નામદાર કોર્ટે પ્રતિવાદી સામે સમરી સમન્સ ઓર્ડર–૩૭ રૂલ–૩ મુજબનો હાજર થવા અંગેનો કાઢવાનો હુકમ કરેલ. જે સમન્સ આંક–૧૧ થી મુદત તા.૧૪મી, ફેબ્રુઆરી, ૨૦૨૪ ના રોજનો કાઢવામાં આવેલ જેમા પ્રતિવાદીને નકલો આપી સહી લઈ પરત કરેલ છે તેવો બેલીફશ્રીનો શેરા સાથે તા.૦૭/૦૨/૨૦૨૪ ના રોજ રજુ થયેલ છે. ત્યારબાદ આ કામે પ્રતિવાદી હાજર રહેલ નહી. ત્યારબાદ વાદી તરફે આંક– ૧૮ થી સમન્સ ફોર જજમેન્ટ અંગેનું સોગંદનામું રજુ કરેલ જેમાં આંક–૦૪ ના દસ્તાવેજો રીફર કરતાં માર્ક–૦૪/૧ થી ૦૪/૧૩ વાળા દસ્તાવેજોને અનુક્રમે આંક આપવાનો હુકમ કરવામાં આવેલ. આ કામે વાદીની આંક–૧૮ ની સમન્સ ફોર જજમેન્ટ ની અરજી લગત પ્રતિવાદીને નોટીસ કરતાં આંક–૨૦ થી પ્રતિવાદીના સરનામે નોટીસ ચોંડી બજાવવા છતાં પ્રતિવાદી જાતે કે વકીલ મારફત હાજર થયેલ નથી.

૧) આંક–૨૨ થી વાદી જોગ અન્ય ભાગીદારે કરી આપેલ કુલમુખત્યારનામું.

૨) આંક–૨૩ થી પ્રતિવાદીને માલ વેચાણ આપેલ બીલ જી.ટી./૬૫૯

૩) આંક–૨૪ થી ઈ–વેબીલ

૪) આંક–૨૫ થી પ્રતિવાદી તરફથી મળેલ પાર્ટ પેમેન્ટ દર્શાવતુ લેઝર

૫) આંક–૨૬ થી પ્રતિવાદી નં.૧ ને મોકલેલ નોટીસની ઓફીસ કોપી

૬) આંક–૨૭ થી પ્રતિવાદી નં.૨ ને મોકલેલ નોટીસની ઓફીસ કોપી

૭) આંક–૨૮ થી પ્રતિવાદી નં.૩ ને મોકલેલ નોટીસની ઓફીસ કોપી

૮) આંક–૨૯ થી પ્રતિવાદી નં.૧ ને મોકલેલ નોટીસની મની રીસીપ્ટ અસલ.

૯) આંક–૩૦ થી પ્રતિવાદી નં.૨ ને મોકલેલ નોટીસની મની રીસીપ્ટ અસલ.

૧૦)આંક–૩૧ થી પ્રતિવાદી નં.૩ ને મોકલેલ નોટીસની મની રીસીપ્ટ અસલ.

૧૧) આંક–૩૨ થી પ્રતિવાદી નં.૧ ને નોટીસ બજી ગયેલ છે તે દર્શાવતો પો.ઓ.નો ટ્રેક રીપોર્ટ અસલ.

૧૨) આંક–૩૩ થી પ્રતિવાદી નં.૧ ને નોટીસ બજી ગયેલ છે તે દર્શાવતો પો.ઓ.નો ટ્રેક રીપોર્ટ અસલ.

૧૨) આંક–૩૪ થી પ્રતિવાદી નં.૧ ને નોટીસ બજી ગયેલ છે તે દર્શાવતો પો.ઓ.નો ટ્રેક રીપોર્ટ અસલ.

(૩) વાદીએ આંક–૧૮ થી હુકમનામું ફરમાવવા અંગેનું સોગંદનામુ રજુ કરેલ છે અને આ સોગંદનામુ ધ્યાને લેતાં પ્રતિવાદી જાતે પોતાના વિ.વકીલશ્રી મારફત હાજર રહેલ નથી. પુરતી તક આપવા છતાં પ્રતિવાદી જાતે કે પોતાના વિ.વકીલશ્રી મારફતે કે જાતે નામદાર કોર્ટમાં હાજર રહેલ નથી કે દાવા જવાબ રજુ કરવા પરવાનગી અરજી કરેલ નથી કે કોઈ દસ્તાવેજી પુરાવો કે દલીલો કે ન્યાય નિર્ણયો રજુ કરેલ નથી. આમ પ્રતિવાદીએ આ દાવા પ્રત્યે બેજવાબદારીભર્યુ વર્તન કરેલ છે જે રેકર્ડ પરથી ફલિત થાય છે. વાદી તરફથી ઉપર જણાવ્યા મુજબ આંક–૨૨ થી કુલમુખત્યારનામું, આંક–૨૩ થી વેચાણ બીલ, આંક–૨૪ થી ઈ–વે બીલ, આંક–૨૫ થી લેઝર એકાઉન્ટ તથા આંક–૨૬ થી ૨૮ પ્રતિવાદીઓને આપેલ નોટીસો રજુ કરેલ છે. જે તમામ દસ્તાવેજી પુરાવાથી વાદીની દાવાઅરજીની હકીકતોને સમર્થન મળે છે. **આમ સી.પી.સી. ઓર્ડર ૩૭ રૂલ–૨(૩) મુજબ " દાવામાં પ્રતિવાદી પોતે હાજર થાય નહીં તો બચાવ કરી શકશે નહીં અને પ્રતિવાદી હાજર થવામા કસુંર કરે તો દાવા અરજીમાંના આક્ષેપો ગ્રાહય રાખવામાં આવ્યા છે એમ ગણાશે, અને વાદી સમન્સમાં જણાવેલી રકમ કરતાં વધું ન હોઈ તેવો વ્યાજનો દર નિર્દિષ્ટ કરેલ હોય તો તે દરે હુકમનામાની તારીખ સુધીનાં વ્યાજ સહીતની રકમ માટે અને આ અર્થે કરેલા નિયમો દ્વારા, વખતોવખત ન્યાયાલય નકકી કરે તેટલા ખર્ચની રકમ માટે હુકમનામું મેળવવાને હકકદાર થશે અને આવું હુકમનામું તરત જ બજાવી શકાશે."** આમ ઉપરોકત સી.પી.સી. ઓર્ડર ૩૭ રૂલ–૨(૩) પરની જોગવાઈઓ ધ્યાને લેતા વાદી હુકમનામું મેળવવા હકકદાર થાય છે. વધુમાં આ કામે વાદી તરફે ઉપરોકત આંક–૨૨ થી આંક–૨૮ વાળા દસ્તાવેજો વંચાણે લેતાં વાદી ભાગીદારી પેઢીના ભાગીદાર છે અને સહભાગીદારો તરફથી કુલમુખત્યારનામું મેળવીને દાવો કરેલ છે. વાદી ફાઉન્ડ્રીને લગતું રો–મટીરીયલ્સને લગતુ ટ્રેડીંગનું કામ કરે છે. જેથી વ્યાજ ન આપવામાં આવે તો પેઢીને આર્થીક નુકશાન થાય, જેની આડકતરી અસર પેઢીએ ભોગવવી પડે, પરંતુ હાલનાં કેસમાં વાદીએ દાવાની રકમ ઉપર જેટલા ટકા વ્યાજ વસુલ લેવાની માંગણી કરેલ છે, તે વ્યાજનો દર વધારે છે, પ્રતિવાદી સાથે વાદી ધ્વારા વ્યાજ બાબતે કોઈ એગ્રીમેન્ટ કરેલ હોય તેવુ પુરાવા પરથી જણાય આવતુ નથી. પરંતુ હાલના સમયમાં

રાષ્ટ્રીયકૃત બેંક ધ્વારા આપવામાં આવતા વ્યાજના દર ધ્યાને લઈ નુકશાન વળતરની વિલંબીત ચુકવણી ઉપર વાર્ષીક ૭.૫% ટકા લેખે વ્યાજ અપાવવાનું ન્યાયોચીત જણાય છે. જેથી નીચે મુજબનો આખરી હુકમ કરુ છું.

**–: હુ કમ :–**

વાદીનો હાલનો દાવો આથી અશંતઃ મંજુર કરવામાં આવે છે.

પ્રતિવાદીએ, વાદીને દાવામાં જણાવેલી લેણી નીકળતી રકમ રૂા.૯,૯૭,૦૦૦/– પૈકી પ્રતિવાદીએ દાવા દરમ્યાન ટુકડે ટુકડે ચુકવેલ રકમ રૂા.૧,૫૦,૦૦૦/– બાદ કરતાં બાકી રહેતી રકમ રૂા.૮,૪૭,૦૦૦/–(અંકે રૂપિયા આંઠ લાખ સુડતાલીસ હજાર પુરા) દાવાની તારીખથી વસુલ આપે નહીં ત્યાં સુધી વાર્ષિક ૭.૫% લેખે સાદા વ્યાજ સહીત ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

વાદીને થયેલ ખર્ચ પ્રતિવાદીએ ભોગવવો.

આજરોજ તા. ૦૫મી, માહે– મે, સને– ૨૦૨૫ ના રોજ હુકમ ખુલ્લી અદાલતમા જાહેર કર્યો.

કોટડાસાંગાણી.
તા.૦૫/૦૫/૨૦૨૫

**(જગદીશચંદ્ર જયંતીલાલ જાદવ)**
મુખ્ય સીવીલ જજ, કોટડાસાંગાણી
**U.I.C. NO.GJ01302**